**બં. અ. કૃષિ મહાવિદ્યાલય**

**આણંદ કૃષિ યુનિવર્સિટી**

**આણંદ – ૩૮૮૧૧૦**

============================================================

**<u>બંસીલાલ અમૃતલાલ કૃષિ મહાવિધાલય, આણંદ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી દ્વારા</u>**

**<u>રાષ્ટ્રીય સેવા યોજના(NSS)ની ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું</u>**

આણંદ ખાતે સ્થિત બંસીલાલ અમૃતલાલ કૃષિ મહાવિધાલય, આણંદ એગ્રીકલ્ચરલ **યુનિવર્સિટી** દ્વારા ભારતની આઝાદીના 75 વર્ષ પૂર્ણ થવાની ખુશીમાં આઝાદીકા અમૃત મહોત્સવ સાથે સાથે બં.અ કૃષિમહાવિધાલય ના સ્થાપનાના 75 વર્ષ પૂર્ણ થતા તેની ઉજવણી રૂપે રાષ્ટ્રીય સેવા શિબિર(NSS) દ્વારા આણંદમાં આવેલા લાંભવેલ ગામમાં ૧૧ થી ૧૭ માર્ચ, ૨૦૨૨ દરમિયાન ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેના અંતર્ગત વિવિધ જનજાગૃતિ માટેના કાર્યક્રમો કરવામાં આવ્યા. સરકાર દ્વારા નિર્દેશિત પાંચ પ્રકલ્પો જેવા કે રસીકરણ જાગૃતિ, પર્યાવરણ બચાવો, પ્રાકૃતિક ખેતી , નશાબંધી અને કુરિવાજ , તથા ફિટ ઇન્ડિયા મુવમેન્ટ , વગેરે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ. આ કેમ્પ દરમિયાન રાષ્ટ્રીય સેવા શિબિરના સ્વયં સેવકોએ ગામમાં વિવિધ શેરી નાટકો કર્યા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ કર્યા જેમા સમાજ કલ્યાણના સંદેશ હતા. કેમ્પ દરમિયાન સ્વયંસેવકોદ્વારા પ્રભાતફેરી કરવામાં આવી જેમાં વિવિધ સુત્રોચાર દ્વારા લોકોને જાગૃત કરવામાં આવ્યા. આ કેમ્પ દરમિયાન સ્વયં સેવકો દ્વારા ખેડૂત મિત્રો સાથે પ્રાકૃતિક ખેતીની ચર્ચા કરી અને

ગામના યુવાનો સાથે ધૂમ્રપાન અને કુરિવાજ વિશે ચર્ચા કરવામાં આવી. લાંભવેલ ગામમાં સ્થિત પ્રખ્યાત હનુમાન મંદિરમાં તથા ગામના વિવિધ જાહેર સ્થળો , શાળાઓ , વૃદ્ધાશ્રમ, અને તળાવની આસપાસ ના વિસ્તારોમાં સાફ સફાઇ હાથ ધરવામાં આવી. શિબિર દરમિયાન ગામની શાળામાં પોસ્ટર પ્રદર્શન કરવામાં આવ્યુ તથા ભારતને આઝાદી અપાવનારા શહીદો અને કુપોષણ જેવા વિષયો પર સંબોધન કરવામાં આવ્યુ. કેમ્પની યુવતીઓ દ્વારા ગામની યુવતીઓ તથા મહિલાઓને સેલ્ફ ડિફેન્સની તાલીમ આપવામાં આવી. પર્યાવરણ બચાવો જાગૃતિ અંગે ગામમાં વિવિધ સ્થળોએ વૃક્ષ રોપવામાં આવ્યા અને પક્ષીઓ માટે કુત્રિમ માળા ગોઠવવામાં આવ્યા. ગામમાં સ્થિત આનંદધામ વૃદ્ધાશ્રમમાં સ્વયં સેવકોએ વૃદ્ધો સાથે સમય પસાર કર્યો. આ કેમ્પ દરમિયાન પ્રકુતિ નિસબતના ભાગરૂપે મહિસાગર વન ની મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન મહી નદી કિનારે પ્રોગ્રામ ઓફિસર ડૉ.નિખિલ જોષી એ રોજિંદા જિંદગી માં યોગ તથા કસરત અને જળ સંરક્ષણ અંગે સંબોધન આપ્યું. આ ખાસ શિબિર નું સમાપન  ૧૭ માર્ચ ના રોજ લાંભવેલ ખાતે કૃષિ કોલેજ ના આચાર્ય અને ડીન ડૉ. વાય. એમ. શુક્લ અને વિદ્યાર્થી કલ્યાણ નિયામક ડૉ. ડી. એચ. પટેલની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થયું. લાંભવેલ ગામના સરપંચશ્રી, લાંભવેલા હનુમાનજી મંદિરના ટ્રસ્ટીશ્રી તેમજ ગામલોકોના સહકારથી ખાસ શિબિરનું સફળતાપૂર્વક આયોજન અને સમાપન થયું. આ સમગ્ર કેમ્પનું  સંચાલન એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. નિખિલ જોષી દ્વારા કરવામાં આવ્યું.




National Service Scheme
B. A. College of Agriculture
Anand Agricultural University, Anand




NATIONAL SERVICE SCHEME
B.A. COLLEGE OF AGRICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY
AAU




National Service Scheme
B. A. College of Agriculture
Anand Agricultural University, Anand
AAU
HELP
ACT NOW!
LET'S FINISH

